**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૧૩.૭ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૫ ટકા

# આવતીકાલે કારતકી અમાસ

## પિતૃઓને ધૂપ - ધ્યાન કરવાનો મહિમા

### આ દિવસે સર્વાર્થ સિદ્ધિ, અમૃત સિદ્ધિ યોગ, શોભન યોગ અને અમૃત કાળ જેવા મહાયોગનુ નિર્માણ થઇ રહ્યુ છે.

કારતક મહિનાની અમાસ ૨૩ નવેમ્બરને બુધવારના રોજ છે. સાથે સાથે આ દિવસે સર્વાર્થ સિદ્ધિ, અમૃત સિદ્ધિ યોગ, શોભન યોગ અને અમૃત કાળ જેવા મહાયોગનુ નિર્માણ થઈ રહ્યુ છે. તેથી આ દિવસનુ મહત્ત્વ વધી ગયુ છે. કારતકની અમાસના દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરીને પિતૃઓને તર્પણ આપવાનુ વિશેષ મહત્ત્વ છે. શુભ યોગો સાથે આવતી કારતક મહિનાની અમાસ અશુભ દોષોના નિવારણ માટે સૌથી ઉત્તમ માનવામાં આવે છે. આ દિવસોમાં માતા લક્ષ્મીની પુજા અને પિતૃઓના નામે દાન પુણ્ય કરવાથી શુભ ફળોની પ્રાપ્તિ થાય છે. જ્યોતિષ શાસ્ત્રમાં આ



અમાસનુ મહત્ત્વ અને ઉપાય જણાવાયા છે. આ ઉપાયો કરવાથી ઘર-પરિવારમાં સુખ શાંતિ રહે છે અને ધનના આગમનનો યોગ બને છે.

કારતક અમાસના દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનુ શાસ્ત્રોમાં વિશેષ મહત્ત્વ છે. આ દિવસોમાં પિતૃઓને યાદ કરીને તર્પણ અને દાન આપવાથી પિતૃ દોષમાંથી મુક્તિ મળે છે. સાથે પિતૃઓના નામનો ઘીનો દીવો કરવામાં આવે છે. સાંજે પિતૃઓના નામનુ દીપદાન પણ કરવુ જોઈએ. શક્ય હોય તો આ દિવસે વ્રત પણ રાખવુ જોઈએ અને પિતૃઓના નામનુ ભોજન પણ કરાવવુ જોઈએ.

કારતક અમાસના દિવસે શનિદેવની પુજા કરવાનુ મહત્ત્વ છે. આ દિવસે પાસેના શનિમંદિરમાં જઈને તલ અને તેલનુ દાન કરી શકો છો. સાથે આ મોસમમાં ગરીબ અને જરૂરિયાતમંદોને ઉનના વસ્ત્રોનુ દાન પણ કરી શકો છો. આમ કરવાથી શનિ દોષમાંથી મુક્તિ મળે છે અને તેમની કૃપાથી ભવિષ્યમાં લાભના યોગ બનવાના શરૂ થઈ જાય છે.

કારતક અમાસના દિવસે પીપળાના વૃક્ષની પુજા કરવાથી વિશેષ ફળની પ્રાપ્તિ થાય છે. સુર્યોદયના સમયે પીપળાના મુળને દુધ અને જળથી સીંચો અને પછી પાંચ પ્રકારની મીઠાઈ રાખી દો. ત્યારબાદ હલ્દી, કુમકુમ, અક્ષત, ફુલ વગેરેથી પુજા-અર્ચના કરો. પુજા બાદ ૧૧ પરિક્રમા કરો અને મનોકામના કહો. ત્યારબાદ સુર્યાસ્ત ના સમયે પાંચ ઘીના દીવડાં પ્રગટાવો. આમ કરવાથી પિતૃઓના આશીર્વાદ મળશે અને પરિવારમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ આવશે.

કારતકની અમાસના દિવસે સાંજે ઈશાન ખુણામાં ગાયના ઘીનો દીવડો પ્રગટાવો. જોકે રુની દિવેટ ન કરો, તેના બદલે લાલ રંગના દોરાની દિવેટ બનાવો. તેમાં થોડુ કેસર પણ નાંખો. આ સાથે કીડીઓને ખાંડ નાંખેલો લોટ આપો, આમ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થશે અને પાપ કર્મોનો નાશ થશે.

## જન્મદિને વધામણી



ગાયત્રીબા પ્રતિકસિંહ ગોહિલ


અમીતાબેન કિરીટભાઈ પરેરા
મો. ૯૮૯૮૧ ૮૬૬૦૯


રાજ ચૌધરી
મો. ૯૪૨૮૩ ૧૧૦૮૭


જય દિલીપભાઈ પ્રજાપતિ
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦


વંશ દેવેન્દ્રભાઈ પરમાર
મો. ૯૯૭૪૬ ૮૯૩૨૩


સત્વ સતીશકુમાર બારોટ

## ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગર દ્વારા મિલાપ ટાટારિઆનું બહુમાન



ગાંધીનગર, તા. ૨૧
ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગર દ્વારા ગ્રીન એપલ હોટેલ ખાતે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાના સેક્રેટરી મિલાપ ટાટારિઆ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા. સાથે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ ગાંધીનગરના નેશનલ ચેરમેન અક્ષય ઠક્કર, નેશનલ જોઈન્ટ સેક્રેટરી-પ્રેસિડેન્ટ રાધેશ્યામ યાદવ અને ઉપપ્રમુખ ડૉ. ગુલાબચંદ પટેલના વરદહસ્તે મિલાપ ટાટારિઆને ભાગવત ગીતા અર્પણ કરી પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## આરાધના વિદ્યાવિહાર દ્વારા મતદાન જાગૃતિ અને કેળવણી અન્વયે 'શપથ કાર્યક્રમ' યોજાયો



આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત આજરોજ તા. ૨૧-૧૧-૨૦૨૨ને સોમવારે મતદાન જાગૃતિ અને કેળવણી (SVEEP)સંદર્ભે અમારી શાળાના માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓના માધ્યમથી તા. ૫-૧૨-૨૦૨૨ના રોજ 'હું અચૂક મતદાન કરીશ' તેવા સ્લોગન સાથે સેક્ટર-૨૮ના મુખ્ય શોપીંગ સેન્ટર, બાલોદ્યાન (ગાર્ડન) તથા નાના શોપીંગ સેન્ટર વગેરે જાહેર સ્થળોએ મતદાતાઓને રૂબરૂ મળીને ૧૧ કલાકે મતદાન માટે શપથ લેવડાવીને જાગૃતિ લાવવાનું ખૂબ જ ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. વધુમાં વધુ લોકો લોકશાહીના આ પર્વની ઉજવણીમાં મતદાન કરી સહભાગી બને તે હેતુથી શિક્ષક અરવિંદભાઈ સી. પટેલ તથા જીતેન્દ્રભાઈ ડાંગર દ્વારા વિદ્યાર્થીઓના જુદા જુદા જૂથ બનાવી શપથ કાર્યક્રમની સુંદર કામગીરી કરવામાં આવી હતી. આચાર્ય વી.એસ. પટેલના માર્ગદર્શનથી કાર્યક્રમને સફળ બનાવી શકાયો હતો.



## સી.એમ. વિદ્યાલયના વિદ્યાર્થીઓનો રાજસ્થાન પ્રવાસ યોજાયો

સી.એમ. વિદ્યાલયના ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓનો રાજસ્થાન પ્રવાસ તા. ૧૮-૧૦-૨૦૨૨થી તારીખ ૨૦-૧૦-૨૦૨૨ સુધી વિદ્યાર્થીઓ ૨૦૮ તેમજ ૧૬ શિક્ષકો દ્વારા યોજાયો તેમાં જેસલમેર, પોખરણ, રણુજા, બોર્ડર, તનોટ મંદિર લાંગેવાલા પોસ્ટ, જોધપુર, ઓમ બન્ના, અંબાજી, ગાંધીનગર પરત થયા હતા.

## સરસ્વતી વિદ્યાલય ખાતે વાલી સંમેલન યોજાયું




ગાંધીનગર, તા. ૨૧
સેક્ટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે મનોજભાઈ શુકલ આસિસ્ટન્ટ ડાયરેકટર યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગમાં પોતે સેવા બજાવેલી છે તેઓ પ્રોફેશનલ મોટીવેશનલ સ્પીકર તરીકે સમાજ સેવા આપી રહ્યા છે. સરસ્વતી વિદ્યાલયમાં સાંપ્રત પરિસ્થિતિ માટે વાલી તથા વિદ્યાર્થીઓ મોબાઈલ દૂષણ અને કોરોના પછી વિદ્યાર્થી અને વાલીની માનસિક પરિસ્થિતિ જે બદલાય છે તેમાં કેવા પ્રકારના ફેરફાર કરી અને શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીઓની રૂચિ વધે એ માટે કેવા પ્રયાસો કરવા જોઈએ તે અંગે માહિતી આપી હતી. સંસ્થાના પ્રમુખ પ્રદિપસિંહ પ્રતાપસિંહ બિહોલાએ વિદ્યાર્થી અને વાલી પ્રેરક ઉદ્‌બોધન કર્યુ હતુ. કાર્યક્રમની શરૂઆત સ્વાગત ગીત દ્વારા કરવામાં આવી હતી. બાલમંદિરના વિદ્યાર્થીઓએ 'મારા પ્રભુજી નાના છે, દુનિયા ભરના રાજા છે'... એ ગીત ઉપર અભિનયગીત રજૂ કર્યુ હતુ. પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ, ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ શિક્ષકો અને ગાંધીનગરના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ શાળા પરિવારનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે કર્યુ હતુ.

## જમ્મુ – કશ્મીરમાં યોજાયેલ હિંદીત્તર ભાષી હિંદી નવલેખક શિબિરમાં ડૉ. કનૈયાલાલ ભટ્ટ માર્ગદર્શક તરીકે વ્યાખ્યાન આપશે



ભારત સરકારના શિક્ષા મંત્રાલયના ઉચ્ચ શિક્ષા વિભાગના કેંદ્રીય હિંદી નિદેશાલય, નવી દિલ્હી અને જમ્મૂ – કશ્મીર રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ જમ્મુના સંયૂક્ત તત્ત્વાવધાનમાં તા. ૨૦થી ૨૭, નવેમ્બર, ૨૦૨૨ આઠ દિવસ માટે એક હિંદીત્તર ભાષી હિંદી નવલેખક શિબિર એમ.એ.એમ. કૉલેજ- જમ્મૂમાં યોજાયેલ છે. જેમાં ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટની માર્ગદર્શક તરીકે પસંદગી ભારત સરકાર દ્વારા કરવામાં આવી છે. આ આઠ દિવસીય શિબિરના ઉદઘાટન સત્ર તા. ૨૦ને રવિવારે કૉલેજમાં યોજાયેલ જેમાં અધ્યક્ષ તરીકે ડોગરી સંસ્થાના અધ્યક્ષ શ્રી પ્રો.લલિત મગોત્રા, કૉલેજના આચાર્ય શ્રી સુરેંદ્ર શર્મા, ડૉ. ભારત ભૂષણ શર્મા, સંયોજક અને સંચાલક તરીકે પ્રો. સંજય સમ્યાલ, માર્ગદર્શક અતિથિ તરીકે ડૉ. કનૈયાલાલ ભટ્ટ, (ગુજરાત) ડૉ. પી.એ.રાધાકૃષ્ણન(કેરલ) ડૉ. આદર્શ (ઉધમપુર), ઉપસ્થિત રહેલ. આ ઉદઘાટન સત્રમાં જમ્મૂ – કશ્મીર રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ જમ્મુ દ્વારા પ્રકાશિત ''અમર સેતુ'' ના કહાની વિશેષાંકનું પણ મહાનુભાવોના હસ્તે લોકાર્પણ થયું. માર્ગદર્શક સર્જકોનો પરિચય શ્રી સંજીવે આપ્યો, નિદેશાલય-દિલ્હીના સહાયક નિદેશક શ્રી નથ્થુલાલે હિંદી નિદેશાલયની તમામ યોજનાઓ, પ્રવૃત્તિઓ અને વિવિધ પુરસ્કારો બાબતે વિસ્તૃત મહિતી આપી. અધ્યક્ષીય પ્રવચનમાં ડૉ. લલિત મગોત્રાએ ભાષાની વિવિધ ઉપયોગિતા વિશે જણાવ્યું આ સત્રમાં ડૉ. કનૈયાલાલ ભટ્ટે સાહિત્યના વિવિધ આયામો, નવા યુગના નવા સાહિત્યની ક્ષિતિજોની સંભાવનાઓ વિશે વાત કરી. આ શિબિરમાં રાજ્યના વિવિધ ખૂણેથી આવેલ નવા લેખકોને ડૉ. કનૈયાલાલ ભટ્ટે સાહિત્ય સર્જન કેમ કરવુ, સાહિત્ય ભાવના અને ખૂબ વાંચન હોવાનું જણાવ્યું. આ દિવસોમાં ડૉ. ભટ્ટે, કવિતા, નાટક અને ટૂંકીવાર્તા વિશે પોતાના વક્તવ્ય આપશે.



સરગાસણ ખાતે માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ મતદાનનો સંકલ્પ લીધો

ગાંધીનગર, તા. ૨૧
શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન.એસ.એસ.ના વિદ્યાર્થીનીઓએ આગામી વિધાનસભાની ચૂંટણીમાં યુવાધન ઉત્સાહપૂર્વક ભાગ લઈ લોકશાહીના આ મહાપર્વમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને આ અવસર પર મતદાન માટે પ્રોત્સાહિત થાય તેમજ ધર્મ જાતિ ભાષાના ભેદભાવથી દૂર રહીને નિષ્પક્ષ મતદાન કરે એ માટે કોલેજના પ્રોગ્રામ ઓફિસર ડૉ. સજ્જનબેન ચૌધરી તેમજ એન.એસ.એસ.ના લિડર ખુશ્બુ ચૌધરીએ સંકલ્પ લેવડાવ્યા હતા.

આ કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ આપી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું સંપુર્ણ આયોજન એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. સજ્જનબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યુહતુ.

# 'અવસર લોકશાહીનો' અંતર્ગત સવા લાખ થી વધુ નાગરિકોએ 'અચૂક મતદાન' કરવાનાં શપથ લીધાં

### ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સહિતના અધિકારીઓ-કર્મયોગીઓ પણ શપથ કાર્યક્રમમાં સહભાગી બન્યા

'અવસર લોકશાહીનો' અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત આજદિન સુધીમાં ગાંધીનગર જિલ્લાના ૧ લાખ ૨૪ હજાર કરતા વધુ નાગરિકોએ 'આગામી તા. ૫/૧૨/૨૦૨૨ના રોજ અચૂક મતદાન કરીને લોકશાહીના આ અવસરને ઉજવીશ'- તેવા શપથ લીધા હતા. ગાંધીનગર કલેકટર કચેરી ખાતે તા.૨૧ નવેમ્બરના રોજ યોજાયેલા શપથ કાર્યક્રમમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવિણા ડી.કે. સહિતના અધિકારીઓ તથા કર્મચારીઓ પણ સહભાગી બન્યા હતા.

ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં મતદારોમાં મતદાનની જાગૃત્તિ આવે અને વધુ મતદાન કરીને સૌ મતદારો લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી બને તે માટે આજરોજ શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં જાહેર સ્થળો અને કચેરીઓ ખાતે શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકશાહીના અવસર સમી વિધાનસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન કરવા માટેના શપથ કાર્યક્રમમાં ૧,૨૪,૨૯૧ નાગરિકો સહભાગી બન્યા હતા.

જે અંતર્ગત દહેગામમાં ૩૮,૬૮૨, ગાંધીનગર(દ)માં ૬,૪૫૭, ગાંધીનગર(ઉ)માં ૯,૧૬૮, માણસામાં ૨,૩૩૯ અને કલોલમાં ૬૭,૭૪૫ નાગરિકો શપથ કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. સર્વે નાગરિકોએ શપથ કાર્યક્રમમાં 'આથી હું ભારતના બંધારણને સાક્ષી માનીને શપથ લઉ છું કે, આગામી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં, હું કોઈપણ ધર્મ, જાતિ, ભાષાના ભેદભાવથી દૂર રહીને અને કોઈપણ રીતે પ્રલોભિત થયા સિવાય તા. ૦૫/૧૨/૨૦૨૨ના રોજ અચૂક મતદાન કરીને લોકશાહીના આ અવસરને ઉજવીશ'- તેવા શપથ ગ્રહણ કર્યા હતા.




ગાંધીનગર જિલ્લા સેવાસદન ખાતે યોજાયેલા શપથ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રવિણા ડી.કે., અધિક નિવાસી કલેકટર ભરત જોષી સહિત મોટી સંખ્યામાં અધિકારીઓ અને કર્મયોગીઓ જોડાયા હતા.

## ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

● સ્વ. બ્રહ્મભટ્ટ ઠાકોરભાઈ બેચરભાઈ ઉ.વ.૮૨, કુડાસણ